

વર્લ્ડ યોગ ડે પર સિટીમાં ખાસ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ આ ખાસ દિવસને દરેક કોલેજ દ્વારા પણ અનોખી રીતે સેલિબ્રેટ કરવામાં આવ્યો હતો. શહેરની આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા અને ગણપત યુનિવર્સિટી દ્વારા પણ આ દિવસને સેલિબ્રેટ કરવામાં આવ્યો હતો. જેમાં સ્ટુડન્ટ્સની સાથે ફેકલ્ટી પણ આ યોગા સેશનમાં જોડાયા હતા. સાથે જ સ્ટુડન્ટ્સને યોગનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું.